
**વડીલોને વંદન**
**અભિનંદન**



રાવલ અંબાલાલ મણીલાલ
(૧૯૨૮)

# મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના માટે ૧૫ સુધી અરજી કરાશે

## ઓનલાઈન અરજી મંગાવાઈ છે : તેજસ્વી, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્નાતક અભ્યાસ માટે આર્થિક મદદ કરાશે

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના માટે ૧૫મી નવેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. યોજનાના અસરકારક અમલ માટે હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આર્થિક સહાય પુરી પાડવામાં આવે છે જે યોજના અંતર્ગત આ શિષ્યવૃત્તિ મેળવવા માંગતા હોય તેમની પાસેથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવી છે. જેની યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારો ૧૫ નવેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ગુજરાતમાં આપેલ શાળાઓમાંથી માન્ય બોર્ડની વર્ષ ૨૦૧૪માં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પાસ થયેલા અભ્યાસમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ એવા વિદ્યાર્થીઓને સ્નાતક અભ્યાસ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના શરૂ કરવામાં આવેલ છે. રાજ્યના શિક્ષણ વિભાગના ૨૩ જુલાઈ ૨૦૧૪ના ઠરાવ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ આ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે **www. scholarships. gujarat. gov.in** વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ યોજનાના અમલ માટે સરકાર દ્વારા રાજ્યભરમાં હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ જરૂરી પ્રમાણપત્રો સાથે પોતાની અરજી હેલ્પ સેન્ટરો ઉપર જમા કરાવી શકશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ મેળવવા માટેની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા. ૧૫ નવેમ્બર ૨૦૧૪ નક્કી કરવામાં આવી છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડામાં જમીન રિ-સર્વે અંગે વાંધા અરજી કેમ્પ યોજાયો

ચિલોડામાં ગ્રામ પંચાયત ખાતે જમીનના રી-સર્વે અને માપણી અંતર્ગત વાંધા અરજી રજૂઆત માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડા ગામની સીમમાં જમીનનું ગાંધીનગરની ઈન્ફોટેક એન્ટરપ્રાઈઝ કંપની દ્વારા આ રી-સર્વેનું કામ હાથ ધરાયું છે. જેમાં દરેક જમીન ખાતેદાર માટે માપ-ક્ષેત્રફળ સહિતના નકશાની નકલો ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવી હતી. જેથી નામ, ક્ષેત્રફળ, નંબર કે નકશામાં અન્ય ભૂલ હોય તો તે અંગે વાંધાની રજૂઆત થઈ શકે. ચિલોડાના જમીન ધારકોએ દર્શાવેલ નોટીસમાં જુની માહિતી અને નવી માહિતીમાં હેક્ટર-આર અને ચોરસમીટરમાં તફાવત જણાતાં આ કાર્યવિધિ સામે રોષ અને અસંતોષ વ્યક્ત કર્યો હતો.

## ગુરૂપુષ્ય નક્ષત્રના દિવસે સોના-ચાંદીનું વેચાણ થયું

અમદાવાદ, તા.૧૬

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે દિવાળી પહેલા આવતા પુષ્યનક્ષત્રને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દિવાળીનો તહેવાર આવતા હોવાથી શહેરીજનો ખરીદી કરવામાં લાગી જાય છે જ્યારે આજરોજ ગુરૂષ્ય નક્ષત્રનો દિવસ ગરૂવાર આવતા વિશેષ રૂપે બળવાન અને સિદ્ધિદાયી ગણવામાં આવે છે. સોનાના ભાવ અગાઉના વર્ષની તુલનાએ ૧૦ ટકા અને ચાંદીના ભાવ ૨૦-૨૨ ટકા જેટલા નીચા હોવાથી શહેરમાં આજે સોના-ચાંદીનું ધુમ વેચાણ થયું છે તેમજ વેપારીઓએ પણ દિવાળીના દિવસ માટે ચોપડાપૂજન કરવા માટે ચોપડાઓની ખરીદી કરી છે. ગુરૂપુષ્ય નક્ષત્રથી સોના સામે ચાંદીમાં પણ રોકાણ વધ્યું છે તેમજ માર્કેટમાં પણ આજે તેનું ધુમ વેચાણ કરવામાં આવ્યું છે.

# નવી આઈટી પોલિસી ભાજપ સરકારે હજુ જાહેર કરી નથી

અમદાવાદ, તા.૧૬

વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતના રૂપાળા સુત્રો હેઠળ રાજ્યની સાચી હકીકતોથી નાગરીકોને દુર રાખવામાં આવે છે. રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષથી આઈટી પોલીસીનો સમયગાળો પુરો થઈ ગયો હોવા છતાં હજુ સુધી રાજ્ય સરકાર આઈટી પોલીસી જાહેર કરવામાં નિષ્ફળ નીવડી છે તેવો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા પાંચ વર્ષ માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી પોલીસી ૨૦૦૬ થી ૨૦૧૧ માટે જાહેર કરી હતી. આજે આ પોલીસી પૂર્ણ થયાના ત્રણ વર્ષ જેટલો સમયગાળો વીતી ગયો છતાં ભાજપ સરકાર આઈટી પોલીસી જાહેર કરવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપના શાસન કાળામાં ગુજરાત આઈટી ક્ષેત્રે અન્ય રાજ્યો જેમ કે કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામીલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી કરતાં ઘણું પાછળ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૧ની પોલીસીમાં મોટા ઉદ્યોગોની કરેલી તરફેણ છતાં ગુજરાતમાં છેલ્લા સાત વર્ષમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કોઈ મોટી કંપની રસ દાખવ્યો નથી સાથોસાથ ગુજરાતમાં મોટુ મુડી રોકાણ કરવામાં ઉદાસીન વલણ દાખવ્યું છે. ગુજરાત સરકારની મોટી મોટી અને ખોટી ખોટી જાહેરાતો ઉત્સવોમાં વ્યવસ્તાના કારણે ગુજરાતમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી પોલીસી જેવી ગંભીર બાબતમાં સરકાર ત્રણ-ત્રણ વર્ષ જેટલો સમયનો વિલંબ તે ગુજરાતના ભવિષ્ય માટે નુકસાનકર્તા છે તેવો આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનિષ દોશીએ જણાવ્યું હતું. ગુજરાતમાં દર વર્ષે કોમ્પ્યુટર, આઈટી, ઈલેક્ટ્રોનિક્સના ૧૪ હજાર ડિગ્રી અને ૫ હજાર ડિપ્લોમા, ઈજનેરો બહાર પડે છે. જ્યારે ૬ હજાર એમસીએ અને ૪૦૦૦ બીસીએ કરતાં કોમ્પ્યુટર નિષ્ણાંતો બહાર પડે છે.

# સેપ્ટના સસ્પેન્ડ થયેલા પ્રોફેસરે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલ્યો

અમદાવાદ, તા.૧૬

તાજેતરમાં અમદાવાદ સેન્ટ્રલ ફોર એન્વાર્યમેન્ટ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ (સેપ્ટ ઈન્સ્ટિટ્યુટ)ના આસિસ્ટન્ટ પ્રોફેસર અજય કટુરીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે પ્રોફેસરે સત્તાધીશીને ઈ-મેઈલ કરીને આ નિર્ણયને અયોગ્ય રીતે અન્યાયી ગણાવ્યો છે. આ સિવાય પ્રોફેસર આ મામલાને ઉચ્ચ ઓથોરીટી સમક્ષ લઈ જવા માટે બોર્ડ મેમ્બર્સનો સંપર્ક કરવાનું પણ આયોજન કરી રહ્યા છે. પોતાના ઈમેઈલમાં પ્રોફેસર અજય કટુરીએ જણાવ્યું છે કે આ સમય ઓર્ડર અયોગ્ય છે અને એ માટે કોઈ ચોક્કસ યોગ્ય કારણ પણ નથી આપવામાં આવ્યું. પોતાને સસ્પેન્ડ કરવામાં આવ્યા એ વિશે પોતાની લાગણી વ્યક્ત કરતા અજય કટુરીએ જણાવ્યું છે કે હું અત્યારે ભારે દબાણમાં છું. હું મારા સસ્પેન્શન લેટર વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરવા માંગતો હતો પણ મને એ માટે મંજુરી નહોતી મળી. મારી ઓફિસની ચાવીઓ અને વસ્તુઓ મારી પાસેથી આંચકી લેવામાં આવ્યા. મને ઓફિસમાંથી મારા રિસર્ચ રિપોર્ટ તેમજ પીએચડી રિસર્ચ માટેના ડેટાબેઝ જેવી વસ્તુઓ લેવાની પણ પરવાનગી ન આપવામાં આવી. હું આ સંસ્થા સાથે ૧૩ વર્ષ જેટલા વર્ષોથી જોડાયેલો છું પણ આ વાતની પણ અવગણના કરવામાં આવી હતી અને મને તાત્કાલીક જગ્યા ખાલી કરવા માટે કહી દેવામાં આવ્યું હતું. અજય કટુરીએ સંસ્થા પાસે સસ્પેન્ડ કરવા માટેની નિયમોની યાદી આપવાની પણ ડિમાન્ડ કરી છે. નોંધનીય છે કે સસ્પેન્શન પૂર્વે અજય કટુરીને સંસ્થાએ આપેલી કારણદર્શન નોટીસમાં તેમના પર માસ્ટર્સ ઓફ પ્લાનીંગ ઈન અર્બન એન્ડ રિજનલ પ્લાનીંગના વિદ્યાર્થી લલિત નારાયણ સિંહની હેરાનગતિ કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે અને એના કારણે જ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.





## સોજામાં વિશ્વ વિખ્યાત મહિલા જાદુગર અલ્પાનો જાદુ છવાયો

સોજામાં આવેલ શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ ખાતે આજે જાદુ સમ્રાટ અલ્પાનાં એક જાદુના શૉનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જ સમાપ્ત થયેલ સત્રાંત પરિક્ષાના તણાવને દુર કરવા તથા બાળકોમાં જાદુ અને સંમોહનવિદ્યાની જાણકારી વધે તથા સમજ કેળવાય તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાદુગર અલ્પા દ્વારા શાળાનાં પૂર્વ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં તમામ બાળકોને અનોખી શૈલી તથા કૌશલ્યથી રોમાંચિત કરવામાં આવ્યા હતાં. આંતરરાષ્ટ્રીય કક્ષાએ જાદુનાં પ્રયોગો કરનાર જાદુઈ સામ્રાજ્ઞી અલ્પાએ બાળકોને જાદુ, સંમોહન વિદ્યા-વશીકરણ તથા હાથ ચાલાકીથી જાદુનાં પ્રયોગો વિકાસવવાની કળા વિશે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત અંધશ્રદ્ધાના નિવારણ માટે વિજ્ઞાન તકનિકી તથા જાદુની ઉપયોગીતા વિશેનાં પણ સ્પષ્ટ ખ્યાલ રજુ કર્યા હતા આ કાર્યક્રમ પ્રશંસનીય તથા પ્રેરણાદાયક બની રહ્યો હતો.


# ગુજરાતના હજારો કોમ્પ્યુટર નિષ્ણાતોને નોકરી મળી નથી

અમદાવાદ, તા.૧૬

કોંગ્રેસ પક્ષે ભાજપ સરકાર ઉપર આક્ષેપોનો મારો ચલાવતા કહ્યું છે કે, ગુજરાત સરકાર ગુડ ગવર્નન્સ, ઈ-વર્ગનન્સની મોટી મોટી જાહેરાતો વચ્ચે ગુજરાતના હજારો કોમ્પ્યુટર નિષ્ણાંતોને ઘર આંગણે રોજગારીની તકો મળતી નથી. ગુજરાતમાં આઈટી પાર્કના નામે હજારો એકર જમીન મેળવનારે આજદિન સુધી એક પણ આઈટી ઉદ્યોગની સ્થાપના કરી નથી. ઈન્ફોસીટી આઈટી હબને બદલે શોપીંગ સેન્ટરમાં મોટા પાયે તબદીલ થઈ ગયું છે.

કોંગ્રેસના શાસનમાં સ્થપાયેલ ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોનમાં મોટાભાગની કંપનીઓ અને ગુજરાત સરકારનું સાહસ ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન લીમીટેડને ભાજપ શાસનમાં તાળા લાગી ગયા. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, ત્રણ ત્રણ વર્ષ સુધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી પોલીસી જાહેર કરવામાં નિષ્ફળ ભાજપ સરકાર સત્યમ, રાહેજા જેવી કંપનીઓના ફાયદાને બદલે સાચા અર્થમાં ગુજરાત આઈટી હબ અને તેવી ઈન્ફોર્મેશન ટેકનોલોજી પોલીસી જાહેર કરે. ગુજરાતમાં ઉપલબ્ધ ડિગ્રી ડિપ્લોમા ઈજનેર સહિતની અભ્યાસક્રમોની બેઠક પુરતા પ્રમાણમાં છે પરંતુ ઘણી ઉદાસીનતા જોવા મળે છે.

## શબ્દાવલી - ૫૫૩૫



### આડી ચાવી

૧. પૃથ્વી, ધરણી (૩)
૨. મનભેદ, અંટશ (૪)
૫. વસવસો, અભાવની પીડા(૩)
૬. ઘણાને.... આવે એટલે તરત જ વપરાઇ જાય પછી ખીસ્સા ખાલી(૩)
૯. શમા પર... ફીદા થઇ જાય(૪)
૧૦. તરફડવું તે (૫)
૧૨. મારો નહિ..., સ્ટાર (૨)
૧૩. બધી જગ્યાએ, સઘળે (૩)
૧૪. નિયમ શરતો વગેરે નક્કી કરવા(૩)
૧૬. બીમાર માણસને પીવા અપાય (૨)
૧૭. અવાજ, શોર (૨)
૧૮. પહોર, સમય (૩)
૨૦. ગુંચવાળા ભરી (૩)
૨૧. ચોર, તસ્કર (૪)

### ઊભી ચાવી

૧. ધીરજ, શાંતિ (૪)
૨. ઘણા ખટપટીયા આખો દિવસ... જ કર્યા કરે (૪)
૩. ટોકવું, ... કરવી (૩)
૪. ગણતરીને યોગ્ય (૫)
૭. કાચા મકાનોને લીંપવા પડે, ... કરવી પડે (૨)
૮. ગતિ (૪)
૧૧. બીવડાવવું, ... આપવો(૨)
૧૩. મીઠુ, લવણ (૪)
૧૪. દેવું, ઋણ (૩)
૧૫. છાવણી, નાનો તંબુ (૩)
૧૬. નિરાંત, શાંતિ (૩)
૧૯. વાળ, કેશ (૨)

### શબ્દાવલી ૫૫૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોલમાલ (૪) શકટ (૬) નવશેકુ (૮) ખનીજ (૯) ઝટ (૧૧) કાચ (૧૨) પાપ (૧૩) માયાવી (૧૪) તાળુ (૧૬) લપીયું (૧૮) કૃશ (૧૯) પરિપાક (૨૦) રૂપિયા

**ઊભી ચાવી :-** (૧) ગોફણ (૨) માનવ (૩) લવ (૪) શકુની (૫) ટપોટપ (૭) શેખચલ્લી (૯) ઝપાઝપી (૧૦) માયાળુ (૧૩) માતા (૧૫) કશક (૧૬) લવારું (૧૭) યુરીયા (૧૮) કૃપા

## કંપની સમાચાર

### હાર્વર્ડનાં અહેવાલ અનુસાર અખરોટનાં સેવનથી મહિલાઓને ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ ઘટે છે

હાર્વર્ડ સ્કુલ ઓફ પબ્લીક હેલ્થનાં અભ્યાસમાંથી જાણવા મળ્યું છે કે અખરોટનાં નિયમિત સેવનથી મહિલાઓને ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ ઘટે છે. આ અભ્યાસમાં ૫૨ થી ૭૭ વર્ષની વય જૂથની ૫૮,૦૬૩ મહિલાઓ પર સંશોધન કરવામાં આવ્યું હતું. અમેરિકામાં ૧૨.૬ મિલિયન મહિલાઓને ડાયાબિટીસ હોવાનો અંદાજ છે. વિશ્વભરમાં ૩૬૬ મિલિયન લોકો ડાયાબિટીસથી પિડીત છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૫૨ મિલિયન લોકોને ડાયાબિટીસ હોવાનો અંદાજ છે. ડાયાબિટીસનાં ફેલાવા માટે ચરબીનો પ્રકાર કારણભૂત છે. અખરોટમાં પીયુએફએનું પ્રમાણ અધિક છે, જે ઈન્સ્યુલિન અવરોધક તરીકેનો પ્રભાવ ધરાવે છે. અખરોટમાં આલ્ફા લિનોલેનિક એસિડ છે, જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવાનું કાર્ય કરે છે.

### વોશિંગ્ટન એપલ્સ અકલ્પ્ય ફાયદાઓ સાથે ઉપલબ્ધ

ભારતમાં રજૂ થયેલા વોશિંગ્ટન એપલ્સ અકલ્પ્ય ફાયદાઓ સાથે બજારમાં ઉપલબ્ધ બન્યા છે. આ સફરજનોની ખાસિયત એવી છે કે તે રોગો સામે લડવામાં અને તંદુરસ્તી જાળવવામાં અકસીર પૂરવાર થાય છે. સફરજનો વિટામિન્સ, ખનીજો અને અન્ય તત્વોથી ભરપૂર છે. નિયમિત સફરજનનું સેવન કરવાથી મોટા રોગોથી રક્ષણ મળે છે. મુંબઈ સ્થિત ડાયેટિશિયન ગીતુ અમરનાણી વોશિંગ્ટન એપલ્સ વિશે જણાવે છે કે 'વોશિંગ્ટન એપલ્સમાં ભરપૂર માત્રામાં પોષક તત્વો, વિટામિન્સ, ખનીજો અને તંદુરસ્ત ડાયેટરી ફાયબર છે, જે પાચનમાં મદદરૂપ પૂરવાર થાય છે.' સફરજનોમાં ૮૦ ટકા પાણી છે, જે શરીરને ભીનું રાખે છે તેનાથી માત્ર ભૂખ જ નહિં, તરસ પણ સંતોષાય છે. સફરજનોમાં લો કેલરી છે, ફેટ અને સોડિયમ ફ્રી છે.

### જન્મથી જ બાહ્યકર્ણની ખામીને કારણે બહેરાશ ધરાવતા દર્દીનું નવી ટેકનોલોજી દ્વારા ગુજરાતનું પ્રથમ સફળ ઓપરેશન

અમદાવાદ સ્થિત લીલ ઈયર ફાઉન્ડેશન અને લાઈફ કેર હોસ્પિટલ, નારણપુરા, અમદાવાદમાં જન્મજાત બાહ્ય કર્ણનો વિકાસ ન થવાને કારણે બહેરાશ ધરાવતા શિવદત્ત ડિઓરા નામનાં ૨૧ વર્ષનાં દર્દી ઉપર **BAHA ATTRACT** નામની નવી ટેકનોલોજી દ્વારા ગુજરાતનું પ્રથમ સફળ ઓપરેશન ડૉ. નવીન કે. પટેલ તથા તેમની સંયુક્ત ટીમ ડૉ. મોનાર્ક શાહ, ડૉ. રાજન મેરાઈ તથા ઓડિયોલોજીસ્ટ હેમંત પટેલ તથા અમીત આનંદ દ્વારા તા. ૧૮-૯-૨૦૧૪ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ **BAHA ATTRACT** નામનું ઓપરેશન કોઈપણ રીતની બાહ્ય કે મધ્ય કર્ણની ખામી ધરાવતા અથવા જન્મથી જ બાહ્ય કર્ણનો વિકાસ ન થયો હોય તેવા દર્દીઓ માટે યોગ્ય અને સચોટ ઈલાજ છે. શિવદત્ત ડિઓરા નામનો ૨૧ વર્ષનો દર્દી જન્મજાત જ બાહ્ય કર્ણની ખામી ધરાવે છે. અર્થાત જન્મથી જ તેના બાહ્ય કર્ણનો વિકાસ થયેલ ન હતો. આ ખામીને કારણે તે મશીન પણ પહેરી શકવા માટે સક્ષમ ન હતો. આથી આવી સાંભળવાની ખામીને કારણે તે અભ્યાસ તથા સામાજીક પ્રવૃત્તિઓમાં વધારે સારી રીતે જોડાઈ શકતો ન હતો. પરંતુ હવે તે આ **BAHA ATTRACT** નામનાં ઓપરેશનથી સરસ રીતે સાંભળી અને સમજી શકે છે. **BAHA ATTRACT** નામનાં આ ઓપરેશનમાં કાનની પાછળનાં ખોપડીનાં હાડકામાં એક નાનું યંત્ર (ઈમ્પ્લાન્ટ) ઓપરેશન દ્વારા બેસાડવામાં આવે છે. જેના ૪ થી ૬ અઠવાડિયા પછી મશીનનો બહારનો ભાગ (સ્પીચ પ્રોસેસર) બેસાડવામાં આવે છે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓએ દરોડા પાડી ગત રાત્રીથી જ તપાસનો દૌર શર કરી દીધો હતો. જ્યારે શહેરના બે જાણીતા જ્વેલરી શૉ- રમમાં પણ આવકવેરાના અધિકારીઓની ટીમ ત્રાટકી હતી. વિભાગના અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. શહેરમાં દિપાળીના વર્ષ ટાણે આવકવેરા વિભાગ હરકતમાં આવતા બિલ્ડરગૃપ અને મોટા વેપારીઓમાં પણ ફફડાટ પ્રવર્ત્યો છે. બિલ્ડરો તેમજ જ્વેલરીને ત્યાંથી કરચોરીનો મોટો આંકડો બહાર આવે તેવી સંભાવના છે.

## પેપર ખુબ અઘરૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧,૧૭,૧૩૫ વિદ્યાર્થીઓમાંથી ૧,૧૮,૧૯૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે ૧૦૬૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સેમેસ્ટર-૩ની પરીક્ષામાં પણ એકેય કોપી કેસ ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ભૌતિક વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં અઘરુ રહ્યું હોવાનું વિદ્યાર્થીઓ તરફથી જાણવા મળ્યું હતું ખાસ કરીને ભૌતિક વિજ્ઞાનના પેપરમાં દાખલાઓની ગણતરીમાં વધુ સમય ગયો હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓએ પેપર દરમિયાન સમય ખુટ્યો હોવાની ફરિયાદ કરી હતી.

## સ્થાનિક નિવિદા

આથી સર્વે રસ ધરાવતાં ગુજરાત રાજ્ય બાંધકામ વિભાગની માન્ય યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામના સીલબંધ કવરમાં હાથોહાથ / રજી.પો.એ.ડી.થી ભાવો સભ્ય સચિવશ્રી, ગુજરાત ઉદ્યોગ ભવન સોસાયટી, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંદીનગર-૩૮૨૦૧૧ની કચેરીએથી મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજી રકમ રૂ. | (૧) કોરા ભાવપત્રકો મેળવવાની તથા (૨) ભરેલા ભાવપત્રકો હાથોહાથ/ રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉદ્યોગ ભવન સંકુલમાં સ્થાપિત હયાત ફાયર ફાઈટીંગ સિસ્ટમનું મેન્ટેનન્સ કરવા માટે ફાયરનું કામ | રૂ. ૨૦,૦૦૦/- માસ અંકે રૂ. (વીસ હજાર પૂરા પ્રતિ માસ) | (૧) તા. ૨૯/૧૦/૨૦૧૪ સમય સાંજે ૫-૦૦ કલાક (૨) ૩૦/૧૦/૨૦૧૪ સમય સાંજે ૫.૦૦ કલાક |

માહિતી/૧૪૫૭/૨૦૧૪-૧૫

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### જાહેર નિવિદા નંબર-૧૩ સને ૨૦૧૪-૨૦૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય તાંત્રિક વિભાગ, રજો માળ, જલભવન, ટાઉનહોલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ની કચેરી દ્વારા બોર્ડ કચેરી સેક્ટર-૧૦-એ, 'જલસેવા ભવન' ખાતેની ત્રણ નંગ ઓટીસ મેઈક, આઠ પેસેન્જરોની ક્ષમતા ધરાવતી લીફ્ટોના રીપેરીંગ તથા સર્વિસીંગ કરવાની કામગીરી બે વર્ષ માટે કરવા અનુભવી ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કામની અંદાજીત રકમ રૂ. ૧,૬૯,૫૬૦.૦૦, બાનાની રકમ રૂ. ૧૫,૦૦૦.૦૦, કોરા ટેન્ડર ફોર્મ મેળવવા કામગીરીનો અનુભવ, ઈલેક્ટ્રીક લાઈસન્સ, લીફ્ટ રીપેરીંગ લાયસન્સ, સર્વીસ ટેક્ષ, વેટ નંબર તથા પાન નંબર અને ટેન્ડર ફોર્મમાં જણાવેલ દસ્તાવેજ તથા ટેન્ડર ફી રૂ. ૬૦૦.૦૦ રજૂ કર્યે તારીખ : ૨૯/૧૦/૨૦૧૪ સુધી કચેરીએથી કચેરી સમય દરમિયાન મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તારીખ ૧૦/૧૧/૨૦૧૪ સુધી કચેરી સમય દરમિયાન રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા ઉક્ત કચેરીએ મોકલી આપવાના રહેશે અને બીજા દિવસે ૧૨.૦૦ કલાકે સદર ટેન્ડરો ખોલવામાં આવશે. ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વગર રદ કરવાનો હક બોર્ડ પાસે અબાધિત છે.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટવન, ઝોન-૫-સી,
ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫

### ટૂંકી નિવિદા

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પોતાની કચેરીમાં પ્રીમીયમ ક્વૉલીટીના સન કન્ટ્રોલ ફિલ્મ લગાવવા ઈચ્છા છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ ભાવો સીલબંધ કવરમાં ફક્ત આર.પી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ તા. ૧૦/૧૧/૨૦૧૪ના ૫.૦૦ કલાક સુધીમાં પહોંચાડવાના રહેશે. વધુ વિગતો માટે **www.gercin.org** પર લોગ ઓન કરો.

સહી/-
માહિતી/૧૪૬૪/૨૦૧૪-૧૫ નાયબ નિયામક (વહીવટ/હિસાબ)

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
VINAYAK 500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ